# <u>જીરુંના ભાવનો વરતારો (૨૦૨૧-૨૦૨૨)</u>

જીરુંનુ ઉત્પાદન મુખ્યત્વે ભારતની સાથે સીરિયા, ઈરાન, તૂર્કી , ચાઈના તેમજ લેટીન અમેરીકામાં થાય છે. આ બધા દેશોમા ભારત જીરુંનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશ કરતો દેશ છે અને જીરુંના કુલ ઉત્પાદનના ૭૦% જેટલું ઉત્પાદન કરે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં જીરૂ માટે ભારત આગવું સ્થાન ધરાવે છે. કારણ કે ભારતમાં જીરૂનું ઉત્પાદન માર્ચ-એપ્રિલ માં આવે છે જયારે સમગ્ર વિશ્વમાં તે જૂન-જુલાઈ મહિનામાં આવે છે.

વર્ષે ૨૦૨૦-૨૧ દરમ્યાન ભારતમાં જીરાનું કુલ વાવેતર ૧૨.૪૧ લાખ હેક્ટરમાં થયેલ અને અંદાજીત ૮.૫૭ લાખ ટન ઉત્પાદન મળેલ જે વર્ષે ૨૦૧૯-૨૦ માં ૯.૧૨ લાખ ટન હતું અને વાવેતર વિસ્તાર ૧૨.૭૬ લાખ હેક્ટર રહેલ, તેની સાથે નિકાસ જે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૨.૧૪ લાખ ટન હતી જે વધીને ૨૦૨૦-૨૧માં ૨.૯૯ લાખ ટન થયેલ. આમ, જીરુનો ભાવ માર્ચે-૨૦૧૯માં રૂ. ૨૮૮૨ પ્રતિ મણ હતો જે માર્ચ ૨૦૨૦ માં ઘટીને રૂ. ૨૫૬૮ પ્રતિ મણ થયેલ અને તે ભાવ આગળ જતાં માર્ચ-૨૦૨૧ માં વધારે ઘટીને રૂ. ૨૪૫૨ પ્રતિ મણ થયો. જે પાછલા વર્ષના ભાવો કરતાં ઓછા છે. આનું મુખ્ય કારણ કોરોના મહામારીના કારણે ઘરેલુ માંગ અને નિકાસ પર થયેલ વિપરીત અસર છે. હવે વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ કોરોના મહામારીની નકારાત્મક અસરો માંથી બહાર આવી રહી છે, અને જીરાની નિકાસમાં પાછલાં વર્ષની તુલનામાં ૪૦ ટકા નો વધારો નોંધાયો છે, જેના કારણે ગુજરાતનાં બજારોમાં જીરુનો વેપાર જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ દરમ્યાન રૂ. ૨૪૦૦ થી રૂ. ૨૬૦૦ પ્રતિ મણ થયેલ.

ભારતમાં ગુજરાત અને રાજસ્થાન જીરુંના ઉત્પાદન કરતા મુખ્ય રાજ્યો છે, જેમાં ગુજરાત લગભગ ૫૦ ટકા જેટલું ઉત્પાદન કરે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાતમાં જીરૂનો વાવેતર વિસ્તાર અંદાજે ૪.૭૪ લાખ હેક્ટર નોંધાયેલ (ચોથો આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત, ૨૦૨૦-૨૧) જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૪.૮૨ લાખ હેક્ટર રહેલ(અંતિમ આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત ૨૦૧૯-૨૦). વર્ષ ૨૦૨૦-૨૧માં જીરાનું ઉત્પાદન ૪.૦૦ લાખ ટન રહેલ, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૩.૭૫ લાખ ટન હતું. વર્ષ ૨૦૧૯-૨૦માં ભાવો ઓછા મળવાના લીધે વર્ષ ૨૦૨૦-૨૧ માં જીરુંના વાવેતર વિસ્તારમાં ગુજરાતમાં ૧.૬૬ ટકા ઘટાડો જોવા મળ્યો પરંતુ અનુકૂળ વાતાવરણના કારણે ઉત્પાદનમાં વધારો થયો. જીરાના અગ્રણી નિકાસ કરતાના મતે વર્ષ ૨૦૨૦-૨૧ માં તુર્કીમાં જીરાનું ઉત્પાદન ૧૫૦૦૦ ટન હતું અને બીજા ઉત્પાદન કરતા દેશો જેવાકે સિરિયા અને અફઘાનિસ્તાન માં રાજકીય અસ્થિરતાના લીધે વેપાર પર નકારાત્મક અસર પડશે અને જેના લીધે ભારતીય નિકાસકારોને ફાયદો થશે અને તેના લીધે બજારમાં જીરાના ભાવો સારા જળવાઈ રહેવાની શક્યતા છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને સ્થાનિક બજારોની વિગતોને ધ્યાનમાં લઈને સેન્ટર ઓફ એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટિ, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના જીરાના મુખ્ય બજારોના અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ કરેલ જેનાં તારણ પરથી અનુમાન છે કે જીરૂનો **ભાવ માર્ચ-એપ્રિલ, ૨૦૨૨ માં રૂ.૨૩૦૦ – ૨૫૦૦ પ્રતિ મણ (રૂ. ૧૧૫૦૦ થી રૂ. ૧૨૫૦૦ પ્રતિ ક્વિન્ટલ)** રહેવાની સંભાવના છે. આંતરરાષ્ટ્રીય બજારની પરિસ્થતિમાં સુધારો થતાં જીરૂંના ભાવ ભવિષ્યમાં વધી શકે છે.

***નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજો અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ રહી શકે.***